# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં કહ્યું કે વૈશ્વિક પેટ્રોલ અને ડીઝલ સંકટ વધુ ખરાબ થઈ રહ્યું છે.
2) કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ ભાવનગર વિમાનીમથકથી ભાવનગર અને નવી મુંબઈ વચ્ચેની પ્રથમ ફ્લાઇટને લીલી ઝંડી આપી.
3) પ્રધાનમંત્રી 31 માર્ચે ગુજરાતના એક દિવસીય પ્રવાસ દરમિયાન 5 હજાર 295 કરોડથી વધુના 44 વિકાસ પ્રકલ્પોની ભેટ આપશે.
4) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, રાજયમાં હાલમાં ગેસ, પેટ્રોલ, ડિઝલ સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો પુરતો છે.
5) નવસારીમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી, સી.આર. પાટીલે 71 કરોડના વિવિધ પ્રકલ્પોનુ ખાતમુહૂર્ત અને લોકર્ણપણ કરશે.
6) રાજ્યમાં ફરી એક વખત કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM MAN KI BAT

પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે વૈશ્વિક પેટ્રોલ અને ડીઝલ સંકટ વધુ ખરાબ થઈ રહ્યું છે. આજે આકાશવાણી પરથી તેમના મન કી બાત કાર્યક્રમને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે વર્તમાન સમય પડકારજનક છે કારણ કે પશ્ચિમ એશિયા ભારતની ઉર્જા જરૂરિયાતોનો નોંધપાત્ર હિસ્સો પૂર્ણ કરે છે. તેમણે જણાવ્યું હતું કે વૈશ્વિક સમુદાય સાથે ભારતના સંબંધો, વિવિધ દેશો તરફથી મળેલા સહયોગ અને છેલ્લા દાયકામાં ભારતની વધેલી શક્તિએ દેશને આ પડકારોનો સામનો કરવા માટે સક્ષમ બનાવ્યો છે. શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, COVID-19 રોગચાળાની જેમ, ભારત વર્તમાન કટોકટીનો સામનો કરશે.

(BYTE : west india crises 27)

પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે લાખો ભારતીયો ગલ્ફ દેશોમાં રહે છે. તેમણે 10 મિલિયનથી વધુ ભારતીયોને તમામ પ્રકારની સહાય પૂરી પાડવા બદલ ગલ્ફ દેશોનો આભાર માન્યો હતો અને લોકોને આ પડકારનો સામૂહિક રીતે સામનો કરવા અપીલ કરી હતી. તેમણે દેશવાસીઓને અફવાઓથી ગેરમાર્ગે ન દોરવા અને સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી પર જ વિશ્વાસ કરવા અપીલ કરી.

પ્રધાનમંત્રીએ જ્ઞાન ભારતમ સર્વેક્ષણની ચર્ચા કરી, જે ભારતની મહાન સંસ્કૃતિ અને વારસાને પ્રદર્શિત કરવા માટે જનભાગીદારીની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

પ્રધાનમંત્રીએ તાજેતરમાં પૂર્ણ થયેલા T20 ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતીય ટીમની જીત પર ગર્વ વ્યક્ત કર્યો. તેમણે કર્ણાટકના હુબલીમાં જમ્મુ અને કાશ્મીર ક્રિકેટ ટીમે રણજી ટ્રોફી જીતી તે અંગે પણ ખુશી વ્યક્ત કરી.

પ્રધાનમંત્રીએ ફિટનેસ પર વધુ ધ્યાન આપવાની પણ અપીલ કરી. તેમણે કહ્યું કે યોગમાં રસ વિશ્વભરમાં વધી રહ્યો છે. લોકોને ખાંડનું સેવન ઘટાડવાની પણ અપીલ કરી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજનાનો પ્રભાવ દેશના દરેક ખૂણામાં અનુભવાઈ રહ્યો છે.

(BYTE : PM SURYA GHAR)

અંતે, પ્રધાનમંત્રીએ લોકોને તેમની આસપાસની પ્રેરણાદાયી વાર્તાઓ શેર કરવાનું ચાલુ રાખવા વિનંતી કરી. તેમણે કહ્યું કે આ સંદેશાઓને કારણે જ દૂરના વિસ્તારોના લોકો ઉત્સાહથી મન કી બાત સાંભળી રહ્યા છે.

# RAM MOHAN NAYDU GUJARAT

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ આજે ભાવનગર વિમાનીમથકથી ભાવનગર અને નવી મુંબઈ વચ્ચેની પ્રથમ ફ્લાઇટને લીલી ઝંડી આપી. આ પ્રસંગે, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે ભાવનગરને હવાઈ જોડાણ ફાળવવા માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલયને સમયાંતરે ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયા તરફથી દરખાસ્તો મળી રહી છે. તેમણે આજે ભાવનગરથી નવી મુંબઈ ફ્લાઇટ સેવા શરૂ કરવા બદલ ભાવનગરના લોકોને અભિનંદન આપ્યા.

(BYTE : SHRI NAYDU)

આ પ્રસંગે કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા અને ગુજરાત રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણી હાજર રહ્યા હતા.

દરમિયાન શ્રી નાયડુએ આજે રાજકોટ આંતરરાષ્ટ્રીય વિમાનીમથક પરથી દેશભરના 57 વિમાનીમથક પર અત્યાધુનિક જાહેર સુવિધાઓનું ડિજિટલી ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે, શ્રી નાયડુએ 11 ઉડાન યાત્રી કાફે, આઠ એરપોર્ટ પર ડિજી યાત્રા, 50 ફ્રી વાઇ-ફાઇ ઝોન, 10 કિડ્સ ઝોન, 16 ફ્લાયબ્રેરી 11 ઓપોર્ચ્યુનિટી આઉટલેટ્સ અને આઠ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું.

શ્રી નાયડુએ જણાવ્યું કે દેશભરના 57 વિમાનીમથકનો વિકાસ રાજકોટથી શરૂ થઈ રહ્યો છે. પ્રધાનમંત્રીએ દેશના લોજિસ્ટિક્સને મજબૂત

બનાવવા માટે એક માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે, જેમાં હાઇવે, રેલ્વે, બંદરો અને ખાસ કરીને નાગરિક ઉડ્ડયન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું કે 2014 માં દેશમાં ફક્ત 74 એરપોર્ટ હતા, જે હવે 165 થી વધુ થઈ ગયા છે. આ આંકડો ફક્ત 12 વર્ષમાં બમણાથી વધુ થઈ ગયો છે.

# RAMANLAL SOLANKI MINISTER

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણ સોલંકીએ અંબાજી મંદિર અને ગબ્બરના દર્શન કર્યા બાદ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશનના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા જિલ્લા ફેર પ્રાઈસ શોપ એસોસિએશન દ્વારા આયોજિત રેશન ડીલરોના અભિવાદન અને સ્નેહ સંમેલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે શ્રી સોલંકીએ જણાવ્યું હતું કે, "કોરોના જેવી કપરી પરિસ્થિતિમાં જ્યારે લોકો ઘરની બહાર નીકળતા ડરતા હતા, ત્યારે સસ્તા અનાજના દુકાનદારોએ પોતાની પરવા કર્યા વગર છેવાડાના માનવી સુધી અનાજ પહોંચાડવાનું સેવાકાર્ય કર્યું હતું.

# PM launches development works

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 માર્ચે ગુજરાતના એક દિવસીય પ્રવાશે આવી રહ્યા છે. તેઓ રાજ્યના સર્વાંગી વિકાસ માટે 5 હજાર 295 કરોડથી વધુના 44 વિકાસ પ્રકલ્પોની ભેટ આપશે. જેમાં અંદાજે 3 હજાર 400 કરોડથી વધુના 26 કામોનું ખાતમુર્હુત અને 1 હજાર 800 કરોડથી વધુના 18 કામોનું લોકાર્પણ કરશે. તેઓ રાજ્યમાં 891 કરોડના રેલ્વે પ્રોજકટ્સનું પણ લોકાર્પણ કરશે. શ્રી મોદી અમદાવાદ ના અસરવાથી ખેડબ્રહ્મા સુધીની ટ્રેન ને લીલી ઝંડી આપશે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ રાજ્યના લાખો પરિવારોનું 'પોતાના ઘરનું સ્વપ્ન' સાકાર થયું છે. તેઓ અંદાજે 651 કરોડ રૂપિયા ના ખર્ચે નિર્માણ પામેલા 38 હજાર કરતા વધુ આવાસોનું લોકાર્પણ કરશે .PMAY-G હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારના 60:40 ના હિસ્સા સાથે લાભાર્થીને કુલ 1 લાખ 20 હજારની તબક્કાવાર સહાય કરશે.

આ ઉપરાંત શ્રી મોદી સાણંદમાં સેમિકન્ડક્ટર OSAT પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે.કેન્સ સેમિકોન દ્વારા સાણંદમાં 3 હજાર 300 કરોડ રૂપિયાના ખર્ચે પ્લાન્ટનું નિર્માણ કરશે.

ત્યારબાદ શ્રી મોદી વાવ-થરાદ ખાતે ‘રાણી કી વાવ, વડનગર અને બાલારામ’ માં 67 કરોડથી વધુના વિવિધ પ્રવાસન પ્રકલ્પોનું ઇ-લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કરશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

DESK

# HARSH SANGHAVI – SAMIKSHA BETHAK

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુધ્ધસંઘર્ષ અને વૈશ્વિક કટોકટીની પરિસ્થિતિને ધ્યાને લઈને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને સુરતના ICC સેન્ટર ખાતે દક્ષિણ ગુજરાતના વિવિધ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે ઉચ્ચતરીય સમીક્ષા બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજયમાં હાલમાં ગેસ, પેટ્રોલ, ડિઝલ સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પુરતો પુરવઠો ઉપલબ્ધ છે. જે સ્થળોએ પી.એન.જી. કનેકશનો હોય અને લોકો એલ.પી.જીનો ઉપયોગ કરતા હોય તેઓને ઝડપથી પી.એન.જી. કનેકશનો આપવા માટે ગુજરાત ગેસ કંપનીના અધિકારીઓને જણાવ્યું હતું.

બેઠક બાદ પત્રકારો સાથે વાર્તાલાપ કરતા નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, સોશિયલ મીડિયા પર ફેલાતી ભ્રામક વાતો કે અફવાઓ પર વિશ્વાસ ન કરવા જણાવ્યું હતું. લોકોને ગેરમાર્ગે દોરે તેવી કોઈ પણ ખોટી માહિતીને સમજયા વિના ફોરવર્ડ કરનાર વિરૂધ્ધ ગુનાઓ દાખલ કરવામાં આવશે. કોઈ ગેસ સિલીન્ડર , પેટ્રોલ-ડીઝલ કે જીવન જરૂરિયાતની વસ્તુઓના કાળાબજાર કરશે, તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# C R PATIL LOKARPAN

નવસારીમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી, સી.આર. પાટીલની ઉપસ્થિતમાં 44 કરોડ વધુના ખર્ચે સાકાર થનારા વિવિધ પ્રકલ્પોનુ ખાતમુહૂર્ત અને'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અંતર્ગત 27 કરોડથી વધુના રોડના કામો, કાછિયાવાડી ખાતેના માઈનોર બ્રીજ, ફાયર ફાઈટર અને જેસીબી જેવા સાધનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી પાટીલે જણાવ્યું હતું કે નવસારી મહાનગરપાલિકામાં વિકાસની ભૂખ, લોકોની અપેક્ષાઓ અને અધિકારી-કર્મચારીઓના હકારાત્મક અભિગમને કારણે અનેક વિકાસના કામો આકાર પામ્યા છે. નવસારી એ રાજ્યની નવી બનેલી મહાનગરપાલિકાઓમાં વિકાસના કામોની ગુણવત્તા અને ઝડપમાં સૌથી આગળ છે.

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં ફરી એક વખત કમોસમી વરસાદની આગાહી કરી છે.  વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ટર્ફ અસરના કારણે તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના અનેક જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ વરસાદની સાથે સાથે 30થી 40 કિલોમીટર  પ્રતિ કલાક પવનની ઝડપ રહશે.

અત્યારે મોટા ભાગના શહેરમાં તાપમાન 41 ડીગ્રીએ પહોંચ્યું ગયું હતું. હવામાન વિભાગ  વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ વધુ માહિતી આપી છે.

BYTE : PRADEEP SHARMA

# GUJKET EXAM

ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે આજે યોજાયેલી ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પૂરી થઈ. આ પરીક્ષામાં કુલ 1.36 લાખ વિદ્યાર્થીઓએ નામાંકન કર્યું હતું.

પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે રાજ્યના તમામ 6 હજાર 857 બ્લોકને CCTV કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા હતા. ઉપરાંત, 34 ઝોનના 668 કેન્દ્રોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પરીક્ષા ત્રણ તબક્કામાં યોજાઈ હતી.

જુનાગઢમાં આજે 3085 વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં ગુજકેટ ની પરીક્ષા આપી હતી . 13 બિલ્ડીંગના 156 બ્લોકમાં ફિઝિક્સ કેમેસ્ટ્રી અને જીવ વિજ્ઞાનના પેપરો પૂર્ણ થયા હતા.

# DIU – MUMBAI FLIGHT

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ નાગવાથી આજે ઈન્ડિગોની દીવ મુંબઈની પ્રથમ ફ્લાઇટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. દીવ મુંબઈ ની 6000 થી 7000 ની ટિકિટ રાખવામા આવી છે, આજે પ્રથમ ફ્લાઇટમા 59 મુસાફરો ને લઈ ઈન્ડિગો ની પ્રથમ ફ્લાઇટ નો પ્રારંભ થયો છે.

આ પ્રસંગે વિમાનિમથકના નિયામક કે.જી.બીજુ, સહિત અગ્રણીઓએ  ઉપસ્થિત રહી, દરેક મુસાફરોને પુષ્પ આપી આવકાર્ય હતા.

# AAJI DAM

**રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકા પાસે આવેલ આજી-૨ જળાશય પૂર્ણ સપાટીએ ભરાતા રુલ લેવલ જાળવવા માટે આવતી કાલે સવારે 11 કલાકે ડેમનો 1 દરવાજો 0.05 મીટર જેટલો ખોલવામાં આવશે. જેથી, પડધરી તાલુકાના અડબાલકા, બાઘી, દહીંસરડા, ડુંગરકા, ગઢડા, હરિપર, ખંઢેરી, નારણકા, સખાપર અને ઉકરડાના ગ્રામજનોએ નદીના પટમાં અવરજવર ન કરવા રાજકોટ પૂર નિયંત્રણ સેલે જણાવ્યું છે.**